www.kamalamgujarat.com

Saturday

31.10.2020

*Volume :5 * Issue No. 75

Email.: kamalamgujarat@gmail.com

*Editor :Mahesh N. Patel:- (98249 10606)



ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

GUJGUJ/2016/73451

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

## પ્રધાનમંત્રીએ ગુજરાતના કેવડિયા ખાતે આરોગ્ય વન, આરોગ્ય કુટીર, એકતા મોલ અને ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્કનું ઉદઘાટન કર્યું.











કમલમ દૈનિક, કેવડિયા,

આજથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના બે દિવસના મહેમાન બન્યા છે. ત્યારે તેઓ સૌ પ્રથમ અમદાવાદથી સીધા ગાંધીનગર જવા રવાના થયા હતા. ત્યાં તેમણે પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઇ પટેલના નિવાસસ્થાને પહોંચ્યા હતા અને તેમને શ્રદ્ધાંજલિ અર્પી પરિવારને સાંત્વના પાઠવી હતી. ત્યાર બાદ તેઓ કનોડિયા બંધુઓના નિધન પર શ્રદ્ધાંજલિ અર્પી પરિવારને સાંત્વના પાઠવી હતી. વડાપ્રધાન ગાંધીનગરથી સીધા કેવડિયા જવા માટે રવાના થયા હતા. ૧૧.૪૦ વાગ્યાની આસપાસ તેઓ કેવડિયા પહોંચ્યા હતા અને ત્યાં તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ તેઓએ આરોગ્ય વન, એક્તા મોલ, ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક અને જંગલ સફારીનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે તેમની સાથે રાજ્યપાલ અને મુખ્યમંત્રી ખાસ હાજર રહ્યા હતા. આ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના અહીં અલગ-અલગ અંદાજ જોવા મળ્યા. વડાપ્રધાને જંગલ સફારીનું નિરીક્ષણ કર્યું હતું અને વિવિધ પ્રકારના પ્રાણીઓ, પક્ષીઓને પણ નિહાળ્યા હતા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સૌથી પહેલા આરોગ્ય વનનું ઉદ્ઘાટન કર્યું, આ દરમિયાન તેમણે સમગ્ર વનમાં ચક્કર પણ લગાવ્યું. પીએમ મોદીએ અહીં ગોલ્ફ કાર્ટમાં ઘૂમ્યા, આ દરમિયાન તેમની સાથે ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ હાજર રહ્યા. ત્યાર બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ચિલ્ડ્રન ન્યૂટ્રિશન પાર્કનું ઉદ્ઘાટન કર્યું.

પીએમ મોદીએ ચિલ્ડ્રન ન્યુટ્રિશિયન પાર્કની પણ મુલાકાત લીધી હતી. અદ્યતન ટેકનોલોજીથી સંચાલિત વિશ્વનો સૌ પ્રથમ ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક છે. આ થીમ બેઝ પાર્ક ૩૫ હજાર ચો.મી. વિસ્તારમાં પથરાયેલો છે. જ્યાં બાળકોને જ્ઞાન સાથે ગમ્મત મળે તે હેતુથી અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરાયો છે. ચિલ્ડ્રન પાર્કમાં બાળકો મીની ટ્રેન દ્વારા ૬૦૦ મીટર પ્રવાસ કરી શકશે. ઉપરાંત તમામ પ્રવાસીઓને મનોરંજન માટે મીરર મેઈઝ, ૫-ડ઼ થિયેટર પણ છે. આ ટ્રેનમાં બેસીને પ્રધાનમંત્રીએ પાર્કની મુલાકાત લીધી હતી.

### એક્તા મોલ

પ્રવાસીઓ કેવડિયાની મુલાકાત દરમિયાન ખરીદીનો વિશિષ્ટ પ્રકારનો અનુભવ લઈ શકે તે માટે બે માળ અને ૩૫,૦૦૦ ચો.ફુટમાં પથરાયેલ વિશાળ એકતા મોલ બાંધવામાં આવેલ છે. જેમાં દેશના જુદાજુદા રાજયોમાંથી ૨૦ જેટલા પરંપરાગત હેન્ડલુમ અને હેન્ડીક્રાફ્ટ એમ્પોરીયમ છે. એકતા મોલમાં જુદા જુદા રાજ્યોની વખણાતી ચીજવસ્તુઓ એક જ જગ્યાએથી ખરીદીનો પ્રવાસીઓ આનંદ માણે છે. જેમાં ગરવી ગુર્જરી, પુરબશ્રી, કૈરાલી, મુર્ગનૈની, પુમ્પુહર, ગંગોત્રી, કાવેરી, ખાદી ઈન્ડિયા, કાશ્મીર અને CCI એમ્પોરિયમ આવેલ છે.







### ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક

તો અદ્યતન ટેકનોલોજી સંચાલિત વિશ્વનો સૌ પ્રથમ ચિલ્ડ્રન ન્યિટ્રિશન પાર્ક આકર્ષણનું કેન્દ્ર છે ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્કની વિશેષતાની વાત કરીએ તો અદ્યતન ટેકનોલોજી સંચાલિત વિશ્વનો સૌ પ્રથમ ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક છે. આ થીમ બેઝ પાર્ક ૩૫૦૦૦ ચો.મી. વિસ્તારમાં પથરાયેલો છે બાળકોને જ્ઞાન સાથે ગમ્મત મળે તે હેતુથી અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરાયો છે આ પાર્કમાં બાળકો મીની ટ્રેન દ્વારા ૬૦૦ મીટરનો પ્રવાસ કરી શકશે જેમાં ફળ-શાક ગૃહમ, પાયોનગરી, અન્નપૂર્ણા, પોષણપુરમ, સ્વસ્થ ભારતમ્, ન્યુટ્રી હંટ જેવા સ્ટેશનો પણ આવે છે આ સ્થળોમાં ૪૭ ટેકનોલોજીનો ઉપયોગ કરી બાળકોને મનોરંજન સાથે માહિતી મળે તેવો પ્રયાસ કરાયો છે તો નાના-મોટા તમામ પ્રવાસીઓને મનોરંજન માટે મીરર મેઈઝ, 5-D થિયેટર, ભૂલ-ભુલૈયાં પણ છે.

### આરોગ્ય વન

મહામારી વચ્ચે આરોગ્યનો વિષય દરેકને અસર કરે છે ત્યારે આરોગ્ય વન દ્વારા આયુર્વેદને ઓળખવાનું ઉત્તમ સ્થળ એટલે આરોગ્ય વન. આરોગ્ય વનની વિશેષતાઓ પર નજર કરીએ તો આરોગ્ય અને સુખાકારીને ધ્યાને રાખીને વૈદિક વૃક્ષો સાથેનું આરોગ્ય વન ૧૭ એકરમાં પથરાયેલું છે આરોગ્ય વનમાં યોગ, આયુર્વેદ અને ધ્યાનને ખાસ મહત્વ આપવામાં આવ્યું છે અને ૩૮૦ પ્રજાતિના જુદા જુદા ૫ લાખ વૃક્ષો વાવવામાં આવેલા છે આ વનમાં કમળ તળાવ, ગાર્ડન ઓફ કલર્સ, આલ્બા ગાર્ડન, લ્યુટીયા ગાર્ડન, એરોમા ગાર્ડન, યોગ અને ધ્યાન સ્થળનો સમાવેશ થાય છે તો ઈન્ડોર પ્લાન્ટ સેકશન, ડિઝીટલ ઈન્ફર્મેશન સેન્ટર, સોવીનીયર શોપ તથા કાફેટેરિયાને પણ સમાવી લેવાયું છે. અહીંના આરોગ્ય વેલનેસ સેન્ટરમાં કેરાલાના તબીબો અને નિષ્ણાત સ્ટાફની નેચર થેરાપીની પણ વ્યવસ્થા છે.

### જંગલ સફારી (સરદાર પટેલ ઝુઓલોજીકલ પાર્ક)

વિશ્વમાં રેકર્ડ સમયમાં ઝડપથી પૂર્ણ કરવામાં આવેલ જંગલ સફારી ૩૭૫ એકરમાં અને ૭ જુદી જુદી સપાટીએ બનાવવામાં આવેલ ''સ્ટેટ ઓફ આર્ટ'' ઝુઓલોજીકલ પાર્ક છે. જંગલ સફારીમાં પ્રવાસીઓને દેશના અને વિદેશના કુલ-૧૧૦૦ પક્ષીઓ અને ૧૦૦ પ્રજાતિઓના પ્રાણીઓ જોવાનો આનંદ માણે છે. આ પ્રોજેકટમાં જુદા જુદા ૨૯ પ્રાણીઓ માટે ખાસ નિયત વિસ્તાર અને વિશ્વમાં સૌથી મોટા બે ''જીઓડેસીક ડોમ એવીયરીઝ''નો સમાવેશ છે. જેમાં પ્રવાસીઓ પોતાની આજુબાજુ ઉડતાં પક્ષીઓ જોવાનો રોમાંચ માણે છે. જંગલ સફારી પ્રોજેકટમાં પ્રવાસીઓ ખાસ કરીને બાળકો પણ પક્ષીઓ અને નાના પ્રાણીઓને અડી અને રોમાંચ અનુભવી શકે તેવો ''પેટીંગ ઝોન'' નો સમાવેશ છે. પેટીંગ ઝોનમાં મકાઉ, કોકેટુ, પરીશયન બિલાડી, સસલાઓ, ગુનીયા પીગ, નાનો અશ્વ, નાના ઘેટા અને બકરા, ટર્કી અને ગીઝનો સમાવેશ છે.

આવતીકાલે રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે કેવડિયામાં રાષ્ટ્રીય એક્તા પરેડ યોજાશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની હાજરીમાં રાષ્ટ્રીય એકતા પરેડ યોજવામાં આવશે. જેમાં કેન્દ્રીય આર્મડ ફોર્સીસ અને સ્ટેટ આર્મડ ફોર્સીસ, બીએસએફ, સીઆરપીએફ મહિલા વોરિયર, ITBP, એનએસજી, અને અમદાવાદ બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ સહિતના અન્ય દળો ભાગ લેશે.આ એકતા પરેડમાં શિસ્ત, શૌર્ય સાથે બેન્ડના તાલ પર કદમ તાલ મિલાવતા જવાનો જોવા મળશે.

## પ્રધાનમંત્રીએ ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી સ્વ.શ્રી કેશુભાઇ પટેલને શ્રદ્ધાંજલિ અર્પણ કરી



કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી સ્વર્ગસ્થ શ્રી કેશુભાઇ પટેલને ગાંધીનગર સ્થિત તેમના નિવાસ સ્થાને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

આવતીકાલે વડાપ્રધાનના હસ્તે થશે લોકાર્પણ

## સ્ટેચ્યુ યુનિટી પર આવતા પ્રવાસીઓની સુવિધામાં ક્રુઝ બોટનો થશે ઉમેરો

કમલમ દૈનિક, નર્મદા,

સ્ટેચ્યુ ઓફ યુનિટી પર આવતા પ્રવાસીઓની સુવિધામાં ક્રુઝ બોટનો ઉમેરો થવા જઈ રહ્યો છે. ક્રુઝ બોટનું ૩૧મી ઓક્ટોબરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે લોકાર્પણ કરવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ક્રુઝ બોટમાં બેસી શ્રેષ્ઠ ભારત ભવન ખાતે જશે. સ્ટેચ્યુ ઓફ યુનિટીથી શ્રેષ્ઠ ભારત ભવન સુધીની આ સફર ૬ કિલોમીટરની રહેશે. જે રીતે વારાણસીમાં ગંગા નદીમાં પ્રધાનમંત્રીએ બોટ સેવા શરુ કરી હતી. તેવી જ રીતે નર્મદા નદીમાં પણ શરુ કરવામાં આવશે.

આ બોટ સેવા માટે ૩ જેટી બનાવવામાં આવી છે. એક જેટી સ્ટેચ્યુ ઓફ યુનિટીની સામે જ્યારે બીજી જેટી શ્રેષ્ઠ ભારત ભવન પાસે છે. જ્યારે ત્રીજી જેટી સ્ટેચ્યુની બિલકુલ પાછળ છે. જે ઈમર્જન્સી જેટી છે. જો કોઈ દુર્ઘટના બને તો આ જેટીનો ઉપયોગ કરવામાં આવશે. આ ક્રુઝ બોટમાં ૨૦૦થી ૨૫૦ લોકો બેસી શકે તેવી વ્યવસ્થા છે.

હાલ કોરોનાના નિયમોને પગલે માત્ર ૧૦૦ લોકોને જ પરમિશન આપવામાં આવશે. બોટમાં નાસ્તાની પણ વ્યસ્થા છે. જે પ્રવાસીએ પોતાના ખર્ચે કરવાનો રહેશે. ઉપરાંત મનોરંજન માટેની પણ વ્યવસ્થા બોટમાં કરવામાં આવી છે. નોધનીય છે કે ક્રુઝ બોટનુંનું લોકાર્પણ આમ તો ૨૧ માર્ચે કરવાનું હતું. પરંતુ કોરોના મહામારીના કારણે કાર્યક્રમ મોકૂફ રાખવામાં આવ્યો હતો.

## પેટ ચૂંટણીઓ માં જેમ જેમ નજીક આવતી જાય તેમ કાર્યકર્તાઓ ના ધાડેધાડાં ચૂંટણી પ્રચારમાં જોતરાયા









કમલમ દૈનિક, અરવલ્લી

ગુજરાત માં પેટા ચૂંટણી નો માહોલ જામતો જાય છે ત્યારે કપરાડા વિધાન સભા ની પેટા ચૂંટણી અંતર્ગત ભાજપ વલસાડ જિલ્લા ઉદ્યોગ સેલ કન્વીનર મહેશ ભાઈ ભટ્ટ , વલસાડ જિલ્લા ભાજપ મંત્રી ગીતાબેન પટેલ , મહિલા મોરચો કપરાડા નાં શોભના બેન બારોટ , હિતેશ સુરતી , કેતન માંહ્યવંશી , અંશુલ ભાઈ પટેલ , વિગેરે એ સુથારપાડા , આંબાપાડા , ભાદરપાડા , બારપૂડા , ભાતાડી , કુકપાડા , ફલી વિગેરે ગામો માં સઘન ચૂંટણી પ્રચાર પુરજોશમાં કરી રહયા છે , ભાજપ નાં લોકપ્રિય ઉમેદવાર જીતુ ભાઈ ચૌધરી ને જંગી બહુમતી એ જીતાડવા વિનંતી કરેલ .અને જીત પાકી કરવા લોહી પસીનો કરી કોરોના મહામારી માં નીતિ નિયમો ના પાલન સાથે પ્રચારમાં જોડાયા હતા

અત્યંત જરૂરી કામ ન હોય ત્યાં સુધી ઘરની બહાર ન નિકળો: ગુલેરિયા

## કોરોનાની બીજી ઈનિંગે ફરીથી ઝડપ પકડી છે: એમ્સના ડાયરેક્ટરની ચેતવણી




કમલમ દૈનિક, ન્યુ દિલ્હી

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં કોરોના વાયરસનું સંક્રમણ અચાનક વધી ગયું છે. દિલ્હીમાં કોરોનાની ત્રીજી લહેરની શક્યતાઓ વ્યકત કરવામાં આવી રહી છે. એઈમ્સના ડાયરેક્તર ગુલેરીયાએ દિલ્હીમાં કોરોનાની ત્રીજી લહેરનો ઈનકાર કરી દીધો છે. તેમને વર્તમાન સ્થિતિને ઝડપી બની રહેલી બીજી લહેર ગણાવી હતી. સાથે જ તેમને ચેતવણી આપી છે.

એઈમ્સના ડાયરેકટર ગુલેરિયાએ કોરોનાની બીજી લહેર વધારે તેજ બનવા પાછળ સાવધાની રાખવામાં ઢીલાસ રાખાવનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, સોશિયલ ડિસ્ટેંસિંગનું યોગ્ય રીતે પાલન નથી કરવામાં આવ્યું. માસ્ક લગાવવામાં પણ બેદરકારી દાખવવામાં આવી છે. ડો ગુલેરિયાએ આમ થવા માટે હવામાન અને પ્રદૂષણને જવાબદાર ઠેરવતા કહ્યું હતું કે, પ્રદૂષણના કારણે વાયરસ વધારે સમય સુધી હવામાં ટકી રહે છે. પ્રદૂષણ અને વાયરસ બંને લોકોના શરીરને ગંભીર નુકસાન પહોંચાડે છે. કોરોના વાયરસ હજી પણ ખતમ નથી થયો. યૂરોપ સહિતના અન્ય દેશોનું ઉદાહરણ આપતા ગુલેરિયાએ કહ્યું હતું કે, માસ્ક જરૂરથી પહેરો. જરૂરી કામ ના હોય તો બહાર ના જાવ. તેમણે ચેતવણી આપતા કહ્યું હતું કે, જો સાવધાની ના રાખવામાં આવી તો કેસ હજી પણ વધી શકે છે.

એઈમ્સના ડાયરેક્ટરે કહ્યું હતું કે, યુવા વાયરસને લઈને બેદરકાર છે. તેમને લાગે છે કે, આ એક સામાન્ય ચેપ છે અને આપણે કંઈ કરવાની જરૂર નથી. આ ધારણાને ખોટી ગણાવતા ડૉક્ટર ગુલેરિયાએ કહ્યું હતું કે, યુવા વાયરસને ઘરે લાવી રહ્યાં છે અને વૃદ્ધો તેના શિકાર બની રહ્યાં છે.

ગુલેરિયાએ વેક્સીન આવવાની આશા વ્યક્ત કરતા કહ્યું હતું કે, કેટલીક નવી દવાઓ પણ આવે જે કોરોનાને સારી રીતે નિયંત્રણ કરી શકે. તેમણે આશા વ્યકત કરી હતી કે, વેક્સીન આવવાથી કોરોનાના કેસમાં ઘણો ઘટાડો થશે. કોરોનાની બચવા માટે હાથ ધોવા, સોશિયલ ડિસ્ટેંસિંગ જાળવવુ અને માસ્ક પહેરવું જરૂરી છે.

પ્રદૂષણ અને કોરોનાના બેવડા પડકારોને લઈને એઈમ્સના ડાયરેક્ટરે કહ્યું હતું કે, જ્યાં સુધી અત્યંત જરૂરી ના હોય ત્યાં સુધી બહાર જવાનું ટાળો. જરૂરી હોય તો માસ્ક પહેરો અને સોશિયલ ડિસ્ટેંસિંગનું પાલન કરતા તડકો નિકળ્યા બાદ જ જાવ. કોરોના વાયરસના કેસ ઘટી રહ્યાં છે. દિવાળી બાદ પણ જો કેસો આ રીતે ઘટતા જ રહ્યાં તો કહી શકાય કે કોરોનાની પીક ખતમ થઈ ગઈ છે. આપણે આવનારા કેટલાક અડવાડિયા સુધી વધારે સતર્ક રહેવાની જરૂર છે.

દિવાળી અને છઠ પૂજાને લઈને ડો ગુલેરિયાએ કહ્યું હતું કે, લોકોને વર્ચ્યુઅલી જ મળો, તહેવારોની ઉજવણી થોડી ઓછી કરો. આ બાબત સ્વાસ્થ્ય માટે જરૂરી છે. આવતા વર્ષે વધારે ઉજવણી કરજો. સામાન્ય ઈન્ફેકશન ધરાવનારાઓને ફરીથી કોરોનાનું સંક્રમણ લાગી શકે છે. આમ એકવાર કોરોના થયા બાદ પણ ફરીથી કોરોનાનું સંક્રમણ થઈ શકે છે.

## તંત્રી સ્થાનેથી......

કોવિડ સામેની જંગમાં ભારતે નવું સીમાચિહ્ન પાર કર્યું છે. લગભગ ત્રણ મહિના (૮૫ દિવસ) પછી દેશમાં પહેલી વખત સક્રિય કેસનું ભારણ ૬ લાખ કરતાં ઓછું નોંધાયું છે. ભારતમાં આજે કુલ સક્રિય કેસની સંખ્યા ૫.૯૪ લાખ નોંધાઈ છે. અગાઉ ૬ ઑગસ્ટના રોજ સક્રિય કેસનું ભારણ ૫.૯૫ લાખ હતું. દેશમાં આજદિન સુધી નોંધાયેલા કુલ પોઝિટીવ કેસમાંથી સક્રિય કેસની સંખ્યા માત્ર ૭.૩૫% રહી છે જેનો કુલ આંકડો ૫,૯૪,૩૮૬ છે. આનાથી સક્રિય કેસની સંખ્યામાં સતત ઘટાડાનું વલણ વધારે પ્રબળ થયું છે.વિવિધ રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોમાં સક્રિય કેસના ભારણનો પથ ઘટાડા તરફી છે, જે તેમના પ્રયાસો અને આ વૈશ્વિક મહામારી સામેની લડાઈમાં તેમની તબક્કાવાર પ્રગતિ સૂચવે છે. મોટી સંખ્યામાં દર્દીઓ સાજા થવાનું વલણ ભારતે એકધારું જાળવી રાખ્યું છે. ભારતમાં કુલ સાજા થયેલા દર્દીઓની સંખ્યા ૭૩,૭૩,૩૭૫ છે અને દુનિયાભરમાં મહત્તમ સંખ્યામાં સાજા થનારા દર્દીઓની સંખ્યા સાથે ટોચના દેશોમાં ભારતે પોતાનું સ્થાન જાળવી રહ્યું છે. સક્રિય કેસ અને સાજા થયેલા કેસ વચ્ચેનો તફાવત આજે વધીને ૬,૭૭૮,૯૮૯ થઈ ગયો છે અને તેમાં સતત વૃદ્ધિ નોંધાઈ રહી છે.૫૭,૩૮૬ દર્દીઓ છેલ્લા ૨૪ કલાકમાં સાજા થઈ ગયા છે જ્યારે તેની સામે નવા પુષ્ટિ થયેલા પોઝિટીવ કેસની સંખ્યા ૪૮,૬૪૮ છે. રાષ્ટ્રીય સાજા થવાનો સરેરાશ દર વધીને ૯૧.૧૫% થઈ ગયો છે. નવા સાજા થયેલા કેસમાંથી ૮૦% દર્દીઓ દસ રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોમાંથી છે. એક જ દિવસમાં ૮,૦૦૦થી વધુ સાજા થનારા દર્દીઓની સંખ્યા સાથે કેરળ આ મામલે સૌથી ટોચે છે જ્યારે ત્યારબાદ એક દિવસમાં ૭,૦૦૦થી વધુ દર્દીઓ સાજા થવાની સંખ્યા સાથે મહારાષ્ટ્ર અને કર્ણાટક આવે છે.છેલ્લા ૨૪ કલાકમાં નવા પુષ્ટિ થયેલા પોઝિટીવ કેસની સંખ્યા ૪૮,૬૪૮ છે. આમાંથી ૭૮% દર્દીઓ દસ રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોમાંથી નોંધાયા છે. કેરળમાં હજુ પણ સૌથી વધુ સંખ્યામાં નવા કેસ નોંધાઈ રહ્યાં છે જ્યાં એક જ દિવસમાં ૭,૦૦૦ કરતાં વધુ પોઝિટીવ કેસ નોંધાયા છે જ્યારે ત્યારબાદ ૫,૦૦૦થી વધુ નવા કેસ સાથે મહારાષ્ટ્ર અને દિલ્હી છે. વધુ ૫૬૩ દર્દીઓએ છેલ્લા ૨૪ કલાકમાં જીવ ગુમાવ્યો છે જેમાંથી ૮૧% દર્દીઓ દસ રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોમાંથી છે. મહારાષ્ટ્રમાં એક જ દિવસમાં સૌથી વધુ મૃત્યુ (૧૫૬ દર્દીના મૃત્યુ) નોંધાયા છે જ્યારે ત્યારબાદ ૬૧ મૃત્યુ સાથે પશ્ચિમ બંગાળ છે.WHO દ્વારા ભલામણ કરવામાં આવેલી પ્રત્યેક દસ લાખની વસ્તીએ દૈનિક સરેરાશ ૧૪૦થી વધુ પરીક્ષણોની સંખ્યા ભારતમાં નોંધપાત્ર રીતે પરિપૂર્ણ કરવામાં આવી રહી છે. WHO દ્વારા "કોવિડ-૧૯ના સંદર્ભમાં જાહેર આરોગ્ય અને સામાજિક અંતર માટેના જાહેર આરોગ્ય માપદંડો''માં શંકાસ્પદ કેસને શોધી લેવા માટે વ્યાપક પરીક્ષણના ભાગરૂપે આ વ્યૂહનીતિનું સૂચન કરવામાં આવ્યું છે. અન્ય એક સિદ્ધિરૂપે, ૩૫ રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોમાં સલાહ આપવામાં આવેલી સંખ્યા કરતાં વધુ પરીક્ષણો નોંધાયા છે. પ્રત્યેક દસ લાખની વસ્તીએ રાષ્ટ્રીય પરીક્ષણોની સરેરાશ સંખ્યા ૮૪૪ છે. દિલ્હી અને કેરળમાં આ આંકડો વધીને ૩૦૦૦ સુધી પહોંચી ગયો છે.

# ગુજરાતે જળ જીવન મિશન અંતર્ગત ૮.૫ લાખથી વધુ પાણીના નળના જોડાણ આપ્યા; ૭૬%થી વધુ વસતિને આવરી લીધી અને ૨૦૨૩ સુધીમાં સાર્વત્રિક કવરેજ પ્રાપ્ત કરવાનું લક્ષ્ય

કમલમ દૈનિક,

જળ શક્તિ મંત્રાલય દ્વારા તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને જળ જીવન મિશનનો અમલ કરવામાં મદદરૂપ થવા માટે સતત કામગીરી કરવામાં આવે છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ગત વર્ષે જાહેર કરવામાં આવેલા આ મિશન અંતર્ગત વર્ષ ૨૦૨૪ સુધીમાં ૧૮૦ મિલિયન ગ્રામીણ પરિવારોને પાણીના નળનું જોડાણ આપીને પ્રત્યેક વ્યક્તિને દરરોજ ૫૫ લિટર પીવાલાયક પાણી પૂરું પાડવાનો મહત્વાકાંક્ષી અને નિર્ણાયક ઉદ્દેશ છે. આ યોજના તમામ રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશો માટે ખૂબ જ લાભકારક છે જેમાં ખાસ કરીને પીવાલાયક પાણીના નળનું જોડાણ ધરાવતા પરિવારોમાં




મહિલાઓ અને બાળકોને સંખ્યાબંધ ફાયદા થઈ રહ્યાં છે. આ મિશન વિશેષરૂપે એવા રાજ્યો માટે લાભદાયી પૂરવાર થઈ રહ્યું છે જે તેમની ભૌગોલિક પરિસ્થિતિઓના કારણે પાણી સંબંધિત સમસ્યાઓનો સામનો કરી રહ્યાં છે. ગુજરાત રાજ્ય પણ એક એવું રાજ્ય છે જે પોતાની ભૌગોલિક શુષ્કતાની પરિસ્થિતિના કારણે પાણી સંબંધિત પ્રશ્નોનો સામનો કરી રહ્યું છે અને જળ જીવન મિશન ઘણા મોટા પ્રદેશ માટે આશીર્વાદરૂપ પૂરવાર થયું છે.

ગુજરાતે આજે રાષ્ટ્રીય જળ જીવન મિશનના અધિકારીઓ સમક્ષ વચગાળાનો સમિક્ષા અહેવાલ રજૂ કર્યો હતો જેઓ સમગ્ર દેશમાં આ મિશન હેઠળ થઈ રહેલી પ્રગતિની સમિક્ષાની પ્રક્રિયા પર કામ કરી રહ્યાં છે. ગુજરાત ૨૦૨૨-૨૩ સુધીમાં ૧૦૦% પરિવારોમાં પાણી માટે નળના જોડાણો પૂરાં પાડવાની યોજના ધરાવે છે. ગુજરાતમાં ૩૫,૯૯૬ વસાહતો, ૧૮,૧૯૧ ગામડાં, ૧૩,૯૩૧ ગ્રામ પંચાયતો, ૨૪૭ તાલુકા અને ૩૩ જિલ્લામાં કુલ મકાનોની સંખ્યા ૯૩,૦૨,૫૮૩ છે. આજદિન સુધીની પ્રગતિના અહેવાલમાં ટાંકવામાં આવ્યું છે, કે રાજ્યએ અત્યાર સુધીમાં ૮,૫૦,૮૭૧ પરિવારોમાં કાર્યરત પાણીના નળના જોડાણ (FHTC) સફળતાપૂર્વક આપ્યા છે જે તેના નિર્ધારિત લક્ષ્યમાંથી ૭૬.૨૯% હિસ્સો છે. વચગાળાના અહેવાલમાં વ્યાપકપણે રાજ્યની પ્રગતિ પ્રતિબિંબિત થાય છે જે હજુ પણ ચાલુ રહે અને અનુરૂપ આર્થિક ખર્ચમાં વધારો કરવામાં આવે તેવી જરૂર છે. VWSC માટે ઉપયોગિતા આધારિત અભિગમ માટે ગુજરાત રોલ મોડેલ બની શકે છે. રાજ્ય જળ જીવન મિશન કાર્યક્રમમાં IoT/ સેન્સર આધારિત પાઈલોટ્સમાં પણ ગતિ લાવી શકે છે. મંત્રાલય દ્વારા રાજ્ય સરકારના અધિકારીઓને વિનંતી કરવામાં આવી છે કે, વિશેષ ૧૦૦ દિવસના અભિયાન અંતર્ગત તમામ આંગણવાડી કેન્દ્રો અને શાળાઓમાં પાઈપ દ્વારા પાણીનો પૂરવઠો પહોંચાડવાનું સુનિશ્ચિત કરવામાં આવે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની પરિકલ્પના અનુસાર આવી સંસ્થાઓમાં પીવાના પાણીનો પૂરવઠો સુનિશ્ચિત કરવા માટે અને આપણા બાળકોનું ઉજ્જવળ ભવિષ્ય સુરક્ષિત કરવા માટે ૨ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ આ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. રાજ્યની સમિક્ષામાં એ બાબતે પ્રકાશ પાડવામાં આવ્યો હતો કે, ઈચ્છિત પરિણામો પ્રાપ્ત કરવા માટે, 'લો-હેંગિંગ ફ્રૂટ્સ એટલે કે સરળતાથી પ્રાપ્ત કરી શકાય તેવા લક્ષ્યોને પ્રાથમિકતાના નિયમનો શ્રેષ્ઠતમ ઉપયોગ કરવામાં આવ્યો છે. ઊશ્ઉ તાલુકાઓમાં (એવા તાલુકાઓ કે જે સલામત છે અને પાણીની ગુણવત્તા સંબંધિત કોઈ પ્રશ્નો નથી) ૭,૮૪૩ ગામડાં આવે છે જેમાંથી ૫,૩૨૮ ગામડાંને તાત્કાલિક ધોરણે ઉપરોક્ત શ્રેણીઓમાં પાણી પૂરવઠાની યોજનાઓ માટે ધ્યાનમાં લેવામાં આવ્યા છે કારણ કે અહીં પાણીનો જથ્થો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે. ૫,૩૨૮ ગામડાંને ઉમેરવાની યોજનાઓ આ વર્ષમાં મંજૂર અને પૂર્ણ થઈ જવી જોઈએ. ગુજરાતમાં બે મહત્વાકાંક્ષી જિલ્લા છે જે દાહોદ અને નર્મદા છે. દાહોદ જિલ્લામાં કુલ ૭૨૨ ગામડાંમાંથી, ૭૦૩ ગામડાં PWS છે. જોકે, ફક્ત ૧૦૭ ગામડાં 100% FHTC ધરાવે છે. નર્મદા જિલ્લામાં, તમામ ૫૪૧ ગામડાં PWS ધરાવે છે પરંતુ ફક્ત ૧૨૨ ગામડાં 100% FHTC ધરાવે છે. ૪,૭૧,૬૨૯ પરિવારોમાંથી ૪,૬૮,૪૨૪ પરિવારો PWSનો એક્સેસ ધરાવે છે, જોકે ફક્ત ૨,૩૧,૯૦ (૪૯.૧૭%) પરિવારોમાં પાણીના નળના જોડાણો છે. રાજ્ય ૨૦૨૨ સુધીમાં એક મહત્વાકાંક્ષી જિલ્લાને નળના જોડાણોના સંદર્ભમાં સંતૃપ્તતાના સ્તરે પહોંચાડવાનું લક્ષ્ય ધરાવે છે.

ગુજરાતમાં મોટાભાગનો ભૂપ્રદેશ શુષ્ક વિસ્તાર છે; આથી, રણ અને દુષ્કાળ સંભવિત વિસ્તારો પર રાજ્ય સરકાર દ્વારા વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. તેવી જ રીતે, મહત્વાકાંક્ષી જિલ્લાઓ, SAGY, SC/ST વિસ્તારોને આ યોજનામાં વિશેષ મહત્વ આપવામાં આવી રહ્યું છે. આ બધુ જ અને તેનાથી વિશેષ પ્રાપ્ત કરવા માટે કેન્દ્ર દ્વારા રાજ્યને રૂપિયા ૮૮૩.૦૭ કરોડની ફાળવણી કરવામાં આવી છે; ૧૫મા નાણાં પંચ દ્વારા પણ રાજ્યને રૂપિયા ૩,૧૯૫ કરોડ ફાળવવામાં આવ્યા છે. વધુમાં, રાજ્યએ અન્ય ઉપલબ્ધ સ્રોતો જેમ કે, મનરેગા ભંડોળ, ૨૦૨૦-૨૧ માટે સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) ભંડોળ માટે ગ્રામ્ય સ્તરે ભંડોળના કેન્દ્રાભિસરણ અને બંધબેસતા ઉપયોગને સુનિશ્ચિત કરવા માટે કાર્યદક્ષ રીતે કામ કરવાનું છે. રાજ્ય દ્વારા માહિતી આપવામાં આવી છે કે, પીવાના પાણીની સુરક્ષામાં વૃદ્ધિ કરવા માટે સંખ્યાબંધ પહેલ હાથ ધરવામાં આવી છે. ગુજરાતે જળ પૂરવઠા (સુરક્ષા) અધિનિયમ, ૨૦૧૯ પસાર કર્યો છે જેથી પાણીના બગાડને ટાળી શકાય. રાજ્ય દ્વારા દરિયાકાંઠાના વિસ્તારોના ગામડાંઓમાં BARC સાથે ભાગીદારીમાં 50 KLD થી 200 KLD સુધીની ક્ષમતાના જળનિસ્યંદનના સૌર ઉર્જા સંચાલિત પ્લાન્ટ લગાવવાની કામગીરી પ્રાયોગિક ધોરણે શરૂ કરવામાં આવી છે. બાયોમેટ્રિક હાજરી, દૈનિક ધોરણે ગુણવત્તા અને જથ્થા અંગેની જાણકારી, ઉપચારક અને નિવારક જાળવણી અને ગતિશીલ કોન્ટ્રાક્ટર રેકિંગ અને સાથે ભવિષ્યના ભંડોળ માટે યોગ્યતા દ્વારા જળ પૂરવઠા યોજનાઓના ઁશ્સ્માં સુધારા માટે પણ વિવિધ પગલાં લેવામાં આવ્યા છે. મંત્રાલય દ્વારા ગુણવત્તાનો એક્સેસ મેળવવા માટે પાણીના પરીક્ષણની અને સામાન્ય જનતાને પાણીના પરીક્ષણની લેબોરેટરીઓને સરળતાથી એક્સેસ મળે તેવી જોગવાઈ કરવા માટે પણ ભલામણ કરવામાં આવી છે. સ્રોતમાંથી આવતું ભંડોળ ટકાઉ રીતે એકધારું આવવું જોઈએ અને ગંદા પાણીનું વ્યવસ્થાપન પણ એકધારું થવું જોઈએ. સમીક્ષા બેઠકમાં એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે, પૂર્વાયોજિત પરીક્ષણોમાંથી સ્રોતનું રાસાયણિક પરીક્ષણ ૧૨.૩૬% છે અને બેક્ટેરિઓલોજિકલ પરીક્ષણ માત્ર ૧૩.૮૯% છે. રાજ્યને સલાહ આપવામાં આવી હતી કે, દરેક ગામમાં ફિલ્ડ ટેસ્ટ કિટ્સ (FTK) દ્વારા પાણીની ગુણવત્તા પર દેખરેખ રાખવા માટે દરેક ગામમાં ઓછામાં ઓછા ૫ લોકોને તાલીમ આપવી, જેમાં મહિલાઓને પ્રાધાન્યતા આપવી.

રાજ્યને એવી પણ સલાહ આપવામાં આવી હતી કે, ગ્રામ પંચાયતના કર્મચારીઓ અને હિતધારકોને પણ ક્ષમતા નિર્માણ માટે તાલીમ આપવાનું આયોજન કરવું જોઈએ અને ગામડાંઓમાં કૌશલ્ય વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ જેથી ગ્રામ્ય સ્તરે તાલીમબદ્ધ માનવ સંસાધનોનો સમૂહ તૈયાર કરી શકાય જે અમલીકરણ અને જળ પૂરવઠા સિસ્ટમના O&M માટે મદદરૂપ થશે.

# મંત્રીમંડળે ફરજીયાત શણની સામગ્રીના પેકેજીંગ માટેનાં ધોરણો લંબાવવા માટે મંજૂરી આપી



કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના અધ્યક્ષ પદે મળેલી આર્થિક બાબતોની મંત્રીમંડળ સમિતિએ ૧૦૦ ટકા અનાજ અને વીસ ટકા ખાંડનુ પેકેજીંગ વિવિધ પ્રકારના શણના કોથળામાં કરવાનુ ફરજીયાત કરવાની દરખાસ્તને મંજૂરી આપી છે. વિવિધ પ્રકારની શણની બેગમાં ખાંડનુ પેકેજીંગ કરવાનો નિર્ણય કરવાને કારણે શણ ઉદ્યોગના વિવિધીકરણને વેગ મળશે. વધુમાં આ નિર્ણયથી વિવિધ પ્રકારની શણની બેગમાં ખાંડ પેક કરવાનો નિર્ણયને કારણે તેમજ અનાજ માટે શણની બેગનાં આશરે ૧૦ ટકા ઈન્ડેન્ટ રિવર્સ ઓકશનથી ક્રમશઃ ગવર્મેન્ટ ઈ-માર્કેટપ્લેસ પોર્ટલ ઉપર મુકવાનાં રહેશે. આ રીતે ભાવ વ્યવસ્થા નક્કી થશે. સરકારે જ્યુટ પેકેજીંગ મટિરિયલ (જેપીએમ) એક્ટ, ૧૯૮૭ હેઠળ ફરજીયાત પેકેજીંગનાં ધોરણોનો વ્યાપ વિસ્તાર્યો છે. જો કોઈ કિસ્સામાં શણની પેકેજીંગ સામગ્રીના પુરવઠામાં આકસ્મિક રીતે અથવા તો અણીના સમયે અવરોધ સર્જાય કે તંગી ઉભી થાય તો કાપડ મંત્રાલય, સંબંધિત વપરાશ મંત્રાલય સાથે પરામર્શ કરીને આ જોગવાઈ ઉપરાંત અનાજના મહત્તમ ૩૦ ટકા ઉત્પાદન માટે આ જોગવાઈમાં રાહત આપશે. આશરે ૩.૭ લાખ કામદારો અને કેટલાક લાખ ખેડૂત પરિવારો પોતાની આજીવિકા માટે શણ ક્ષેત્ર ઉપર નિર્ભર હોવાની બાબત ધ્યાનમાં લઈને, સરકાર શણ ક્ષેત્રના વિકાસ માટે સંગઠીત પ્રયાસો કરી રહી છે કે જેથી કાચા શણની ગુણવત્તા તથા ઉત્પાદકતામાં વધારો થાય તથા શણની પેદાશોની માંગ વધે અને જળવાઈ રહે આ મંજૂરીથી દેશના પૂર્વ અને પૂર્વોત્તર વિસ્તારના અને ખાસ કરીને પ. બંગાળ, બિહાર, ઓડીશા, આસામ, આંધ્ર પ્રદેશ, મેઘાલય અને ત્રિપુરા સહીતનાં રાજ્યોના કામદારો અને ખેડૂતોને લાભ થશે. જ્યુટ પેકેજીંગ મટિરિયલ્સ (ચીજ વસ્તુઓના પેકેજીંગમાં ફરજીયાત વપરાશ) એક્ટ ૧૯૮૭હેઠળ, સરકારે, કાચા શણના ઉત્પાદન અને પેકેજીંગ સામગ્રી તથા એ ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોના હિતમાં કેટલીક ચીજ વસ્તુઓની પુરવઠા અને વિતરણ બાબતે ફરજીયાત પેકેજીંગની જોગવાઈઓ કરવી પડે છે.

આથી આ દરખાસ્તમાં રજૂ કરેલ અનામતનાં ધોરણો ભારતમાં કાચા શણ અને શણની સામગ્રીના સ્થાનિક ઉત્પાદનના હિતમાં રહેશે તથા આ રીતે ભારત આત્મનિર્ભર ભારત યોજના સાથે એકરાગ થઈને ભારતને સ્વનિર્ભર બનાવી શકાશે. શણ ઉદ્યોગ મુખ્યત્વે સરકારી ક્ષેત્ર ઉપર નિર્ભર છે. આ ક્ષેત્ર દર વર્ષે અનાજના પેકેજીંગ માટે રૂ. ૭૫૦૦ કરોડ કરતાં વધુ મૂલ્યના શણના કોથળાની ખરીદી કરે છે. આ વ્યવસ્થા શણ ક્ષેત્રની માંગ ટકાવી રાખવા તથા આ ક્ષેત્ર પર આધાર રાખતા કામદારો અને ખેડૂતોની આજીવિકાને ટેકો આપવા માટે કરવામાં આવે છે.

શણ ક્ષેત્રને પૂરો પાડવામાં આવતો અન્ય સહયોગ

કાળજીપૂર્વક હાથ ધરવામાં આવેલી દરમ્યાનગીરી મારફતે કાચા શણની ઉત્પાદકતા અને ગુણવત્તામાં સુધારો કરવા માટે જ્યુટ આઈસીએઆરઈ નામની યોજના ઘડી કાઢવામાં આવી છે. સરકાર સીડ ડ્રીલનો ઉપયોગ કરીને કતારમાં વાવેતર જેવી સુધારેલી કૃષિ પધ્ધતિઓનુ વિભાજન તથા માઈક્રોબાયલ સહાયિત રેટીંગ પધ્ધતિ અમલમાં મુકીને આશરે બે લાખ શણના ખેડૂતોને ટેકો આપી રહી છે. આ દરમ્યાનગીરીને કારણે શણના ઉત્પાદન અને ગુણવત્તામાં સુધારો થયો છે અને સાથે સાથે શણની ખેતી કરતા ખેડૂતની આવકમાં હેકટર દીઠ રૂ. ૧૦,૦૦૦નો ફાયદો થયો છે. તાજેતરમાં જ્યુટ કોર્પોરેશન ઓફ ઈન્ડીયાએ વ્યાપારી ધોરણે ૧૦,૦૦૦ ક્વિન્ટલ સર્ટિફાઈડ બીયારણના વિતરણ માટે નેશનલ સીડ કોર્પોરેશન સાથે સમજૂતીના કરાર પણ કર્યા છે. ટેકનોલોજી અપ ગ્રેડ કરવા માટે હાથ ધરાયેલી દરમ્યાનગીરીને કારણે તથા સર્ટિફાઈડ બીયારણના વિતરણને કારણે શણના પાકની ઉત્પાદકતા અને ગુણવત્તામાં સુધારો થશે. આ ઉપરાંત ખેડૂતની આવકમાં પણ વધારો થશે. શણ ક્ષેત્રનુ વિવિધીકરણ કરવાના ઉદ્દેશથી નેશનલ જ્યુટ બોર્ડે ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઈન સાથે સહયોગ કર્યો છે અને ગાંધીનગરમાં જ્યુટ ડિઝાઈન સેલ ખુલ્લો મુકવામાં આવ્યો છે. આ ઉપરાંત જ્યુટ જીયો —ટેક્સ્ટાઈલને તથા એગ્રો ટેક્સ્ટાઈલને પ્રોત્સાહન આપવાની કામગીરી રાજ્ય સરકારો સાથે મળીને અને ખાસ કરીને પૂર્વોત્તરનાં રાજ્યો સાથે મળીને તેમજ માર્ગ પરિવહન મંત્રાલય અને જળ સંસાધન મંત્રાલય જેવાં મંત્રાલયો સાથે મળીને હાથ ધરવામાં આવી છે. શણ ક્ષેત્રમાં માંગને વેગ આપવા માટે, ભારત સરકારે બંગલાદેશ અને નેપાળથી આયાત કરવામાં આવતા શણના માલ- સામાન ઉપર ૫ જાન્યુઆરી, ૨૦૧૭થી અમલમાં આવે તે રીતે બિનશરતી એન્ટી ડમ્પીંગ ડ્યુટી લાદી છે. શણ ક્ષેત્રમાં પારદર્શકતા લાવવા માટે વર્ષ ૨૦૧૬માં જ્યુટ સ્માર્ટ નામની ઈ-ગવર્મેન્ટ દરમ્યાનગીરી હાથ ધરવામાં આવી હતી, જેમાં સરકારી એજન્સીઓ મારફતે થતી ખરીદીમાં બી-ટી માટે સુસંકલિત પ્લેટફોર્મની રચના ડિસેમ્બર, ૨૦૧૬માં કરવામાં આવી છે. આ ઉપરાંત જ્યુટ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા શણની ખેતી કરતા ખેડૂતો માટે ઓનલાઈન ખરીદીની વ્યવસ્થા ગોઠવવા લઘુત્તમ ટેકાના ભાવે વ્યાપારી ખરીદી માટે ૧૦૦ ટકા ભંડોળ તબદીલ કરે છે.

# મંત્રીમંડળે ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ પ્રોગ્રામ અંતર્ગત સરકારી ઓઈલ માર્કેટિંગ કંપનીઓની ઈથેનોલની ખરીદી માટેની વ્યવસ્થાને મંજૂરી આપી - ઈથેનોલ પુરવઠા વર્ષ ૨૦૨૦-૨૧ માટે સરકારી OMC જને પુરવઠા માટે ઈથેનોલની કિંમતમાં વધારો કર્યો



કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી આર્થિક બાબતો પરની મંત્રીમંડળીય સમિતિએ નીચેના નિર્ણયોને મંજૂરી આપી છે, જેમાં ૧ ડિસેમ્બર, ૨૦૨૦થી ૩૦ નવેમ્બર, ૨૦૨૧ સુધી ઈથેનોલ પુરવઠા વર્ષ (ઈએસવાય) ૨૦૨૦-૨૧ દરમિયાન આગામી શુગર સિઝન ૨૦૨૦-૨૧ માટે ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ (ઈબીપી) અંતર્ગત શેરડી આધારિત વિવિધ કાચામાલમાંથી પ્રાપ્ત ઈથેનોલની ઊંચી કિંમત નક્કી કરવી સામેલ છે:

- સી ભારે મોલાસીસ માધ્યમમાંથી પ્રાપ્ત ઈથેનોલની કિંમત લિટરદીઠ રૂ. ૪૩.૭૫થી વધારીને લિટરદીઠ રૂ. ૪૫.૬૯,
- બી ભારે મોલાસીસ માધ્યમમાંથી પ્રાપ્ત ઈથેનોલની કિંમત લિટરદીઠ રૂ. ૫૪.૨૭થી વધારીને લિટરદીઠ રૂ. ૫૭.૬૧,
- શેરડીના રસ/ખાંડ/ખાંડના સીરપમાંથી પ્રાપ્ત ઈથેનોલની કિંમત લિટરદીઠ રૂ. ૫૯.૪૮થી વધારીને લિટરદીઠ રૂ. ૬૨.૬૫,

આ ઉપરાંત જીએસટી અને પરિવહન ચાર્જ પણ ચુકવવાપાત્ર બનશે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓને વાસ્તવિક પરિવહન ચાર્જ નક્કી કરવાની સલાહ આપવામાં આવી છે, જેથી ઈથેનોલના લાંબા અંતરના પરિવહનમાં નુકસાન ન થાય અને પ્રોત્સાહન ન મળે. રાજ્યની અંદર સ્થાનિક ઉદ્યોગને વાજબી તક પ્રદાન કરવા અને ઈથેનોલની સામસામી અવરજવર ઘટાડવા ઓઈલ માર્કેટિંગ કંપનીઓ (OMCs) વિવિધ પરિબળોની ગણતરી કરીને વિવિધ સ્રોતોમાંથી ઈથેનોલની પ્રાથમિકતા માટે માપદંડ નિર્ધારિત કરશે, જેમાં પરિવહનનો ખર્ચ, ઉપલબ્ધતા વગેરે પરિબળોને ધ્યાનમાં લેવાશે. આ પ્રાથમિકતા એ રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશમાં ઉત્પાદન માટે રાજ્ય/ કેન્દ્રશાસિત પ્રદેશની જકાતક્ષમ હદો સુધી મર્યાદિત હશે. પછી જ્યારે જરૂર પડશે, તો અન્ય રાજ્યોમાંથી ઈથેનોલની આયાત માટે પસંદગીના સમાન આદેશ આપવામાં આવશે. તમામ ડિસ્ટલરી યોજનાનો લાભ લઈ શકશે અને તેમાંથી મોટી સંખ્યામાં ઈબીપી પ્રોગ્રામ માટે ઈથેનોલનો પુરવઠો પૂરો પાડશે એવી અપેક્ષા છે. ઈથેનોલના સપ્લાયર્સને વળતરદાયક કિંમત શેરડીના ખેડૂતનું એરિયર્સ ઘટાડવામાં મદદ કરશે અને આ રીતે સંપૂર્ણ પ્રક્રિયામાં શેરડીના ખેડૂતોને ઓછામાં ઓછી મુશ્કેલી પડશે. સરકાર ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ (ઈબીપી) પ્રોગ્રામનો અમલ કરે છે, જેમાં OMCs ૧૦ ટકા સુધી ઈથેનોલ ધરાવતા પેટ્રોલનું વેચાણ કરે છે. આ પ્રોગ્રામ ૦૧ એપ્રિલ, ૨૦૧૯થી આંદમાન નિકોબાર અને લક્ષદ્વીપ કેન્દ્રશાસિત પ્રદેશોને બાદ કરતા સંપૂર્ણ ભારતમાં લાગુ કરવામાં આવ્યો છે, જેનો ઉદ્દેશ વૈકલ્પિક અને પર્યાવરણને અનુકૂળ ઈંધણના ઉપયોગને પ્રોત્સાહન આપવાનો છે. આ પ્રોગ્રામ ઊર્જાની જરૂરિયાત માટે આયાત પરની નિર્ભરતા ઘટાડવા અને કૃષિ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા ઈચ્છે છે. સરકાર વર્ષ ૨૦૧૪થી ઈથેનોલની કિંમત નક્કી કરવા અધિસૂચના પ્રકટ કરે છે. વર્ષ ૨૦૧૮ દરમિયાન સરકારે પહેલી વાર ઈથેનોલના ઉત્પાદન માટે ઉપયોગી કાચી સામગ્રીને આધારે ઈથેનોલની વિવિધ કિંમતો જાહેર કરી હતી. આ નિર્ણયોથી ઈથેનોલના પુરવઠામાં નોંધપાત્ર વધારો થયો છે, જેથી સરકારી OMCs દ્વારા ઈથેનોલની ખરીદી ઈથેનોલ પુરવઠા વર્ષ (ઈએસવાય) ૨૦૧૩-૧૪માં ૩૮ કરોડ લિટરથી વધીને ઈએસવાય ૨૦૧૯-૨૦માં ૧૯૫ કરોડ લિટર થઈ છે. હિતધારકોને લાંબા ગાળાનું પાસું પ્રદાન કરવા MoP&NGએ ઈબીપી પ્રોગ્રામ અંતર્ગત લાંબા ગાળાના આધારે ઈથેનોલ ખરીદીની નીતિ પ્રકાશિત કરી છે. એને અનુરૂપ OMCsએ ઈથેનોલ સપ્લાયર્સનું વન ટાઈમ રજિસ્ટ્રેશન પૂર્ણ કર્યું છે. OMCsએ ઈથેનોલના સપ્લાયર્સ માટે સીક્યોરિટી ડિપોઝિટની રકમ ૫ ટકાથી ઘટાડીને ૧ કરી છે, જેથી તેમને આશરે રૂ. ૪૦૦ કરોડનો લાભ થયો છે. ઁસ્ઞ્જએ સપ્લાય ન થયો હોય એવા જથ્થા પર લાગુ પેનલ્ટી ૫ ટકાથી ઘટાડીને ૧ ટકા પણ કરી છે, જેનાથી સપ્લાયર્સને આશરે રૂ. ૩૫ કરોડનો લાભ થયો છે. આ તમામ સુવિધાઓ વેપારવાણિજ્યને સરળ કરશે તથા આત્મનિર્ભર ભારતની પહેલોના ઉદ્દેશો પાર પાડશે. ખાંડના સતત વધારે ઉત્પાદનથી એની કિંમતો દબાણ હેઠળ છે. પરિણામે ખાંડ ઉદ્યોગની ઓછી ક્ષમતાને કારણે શેરડીના ખેડૂતોને ચુકવવા માટે બાકી નીકળતી રકમમાં વધારો થયો છે. સરકારે શેરડીના ખેડૂતોની બાકી નીકળતી રકમ ઘટાડવા ઘણા નિર્ણયો લીધા છે. દેશમાં ખાંડના ઉત્પાદનને મર્યાદિત કરવા અને ઈથેનોલનું સ્થાનિક ઉત્પાદન વધારવા સરકારે વિવિધ પગલાં લીધા છે, જેમાં ઈથેનોલના ઉત્પાદન માટે બી ભારે મોલાસીસ, શેરડીના રસ, ખાંડ અને ખાંડના સીરપનો ઉપયોગ અન્યત્ર કરવાની મંજૂરી આપવી સામેલ છે. શેરડીની વાજબી અને વળતરદાયક કિંમત (એફઆરપી) અને ખાંડની એક્સ-મિલ કિંમતમાં ફેરફારો થઈ રહ્યાં હોવાથી શેરડી આધારિત વિવિધ કાચી સામગ્રીમાંથી પ્રાપ્ત ઈથેનોલની એક્સ-મિલ કિંમતમાં સુધારો કરવાની જરૂર છે.

# જહાજ મંત્રાલયે જાહેર સૂચનો અને અભિપ્રાયો મેળવવા માટે "કોસ્ટલ શિપિંગ બિલ ૨૦૨૦"નો મુસદ્દો જાહેર કર્યો



કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વહીવટમાં લોકોની ભાગીદારી અને પારદર્શકતા વધારવાના વિઝનને અનુરૂપ જહાજ મંત્રાલયે હિતધારકો અને સામાન્ય નાગરિકો પાસેથી સૂચનો મંગાવવા માટે કોસ્ટલ શિપિંગ બિલ, ૨૦૨૦ની રૂપરેખા જાહેર કરી છે. દેશમાં જહાજ મંત્રાલય વૃદ્ધિ કરી રહ્યું છે અને બદલાઈ રહ્યું છે એટલે કોસ્ટલ શિપિંગ પર અલગ કાયદો હોવાની જરૂરિયાત અનુભવવામાં આવી હતી, જેને પરિવહન સાંકળનું અભિન્ન અંગ ગણવામાં આવે છે અને ભારતીય જહાજ ઉદ્યોગની માગ પૂર્ણ કરવા ક્ષેત્રની નીતિગત પ્રાથમિકતાઓને માન્યતા આપે છે. જ્યારે આ બિલનો મુસદ્દો ઘડવામાં આવ્યો છે, ત્યારે આંતરરાષ્ટ્રીય સ્તરની શ્રેષ્ઠ પદ્ધતિઓનો વિચાર પણ કરવામાં આવ્યો છે. જહાજ મંત્રાલયે મર્ચન્ટ શિપિંગ ધારા, ૧૯૫૮ના ભાગ ઠેંફના ભાગની સામે કોસ્ટલ શિપિંગ બિલ, ૨૦૨૦નો મુસદ્દો ઘડ્યો છે. બિલની થોડી ખાસિયતો નીચે મુજબ છે:

- કોસ્ટલ શિપિંગની પરિભાષા અને દરિયાકિનારા પાણીની પરિભાષાનો વિસ્તાર કરવામાં આવ્યો છે.
- દરિયાકિનારાના વેપાર માટે ભારતીય જહાજો માટે ટ્રેડિંગ લાઈસન્સની જરૂરિયાત દૂર કરવાની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે.
- જ્યારે બિલ સ્પર્ધાત્મક વાતાવરણ ઊભું કરવા અને પરિવહન ખર્ચમાં ઘટાડો કરવા ઈચ્છે છે, ત્યારે ભારતીય જહાજોને કોસ્ટલ શિપિંગમાં તેમનો હિસ્સો વધારવા પ્રોત્સાહન આપવા ઈચ્છે છે.
- બિલમાં આંતરિક જળમાર્ગો સાથે કોસ્ટલ મેરિટાઈમ ટ્રાન્સપોર્ટના સંકલનની દરખાસ્ત પણ રજૂ કરવામાં આવી છે.
- રાષ્ટ્રીય દરિયાઈ અને આંતરિક જહાજ વ્યૂહરચના યોજના માટેની જોગવાઈ કરવામાં આવી છે.

આ બિલને જહાજ મંત્રાલયની વેબસાઈટ પર અપલોડ કરવામાં આવ્યું છે. નાગરિકો આ બિલ સાથે સંબંધિત તેમના સૂચનો અને અભિપ્રાયો ૦૬.૧૧.૨૦૨૦ સુધીમાt coastalshipping2020@gmail.com પર સબમિટ કરી શકે છે.

# કેશુભાઈ પટેલની વિદાયથી સમગ્ર ભાજપ પરિવાર સહિત રાજકીય વર્તુળમાં શોકની લાગણી



કમલમ દૈનિક,

કચ્છ જિલ્લા ભાજપ પરિવાર દ્વારા શોકાંજલી સભાનું આયોજન કરાયું .. આજરોજ ગુજરાત ભાજપના પીઢ નેતા અને પૂર્વ મુખ્યમંત્રી એવા વડીલ કેશુભાઈ પટેલનો જીવન દિપ બુજાયો હતો . કેશુભાઈ પટેલના અવસાનના સમાચાર જાણીને ભારતીય જનતા પક્ષના શિર્ષસ્થ નેતૃત્વ સહિત સમગ્ર પરિવારમાં ભારે શોકની લાગણી છવાઈ હતી અને એક વ્હાલસોયા વડીલ ગુમાવવાનો રંજ વ્યકત કર્યો હતો . સ્વ.કેશુભાઈ પટેલ જનસંઘ વખતથી પક્ષ સાથે જોડાયેલા એક અત્યંત નોખી માટીના ઝુઝારુ નેતા હતા . તેમના શાસનકાળ દરમ્યાન સમાજના તમામ વર્ગોના લોકોને સાથે લઈને ચાલવાની તેમની આવડત અને કુનેહ થકી તેમણે આમ આદમીના હૈયામાં અમીટ સ્થાન મેળવ્યું હતું . સાલશતા , નિખાલસતા અને નિરાભીપણા જેવા સદગુણો ધરાવતા કેશુબાપા પ્રત્યેક વ્યકિત સાથે અત્યંત સહજતાથી વર્તતા હતા જેને પરિણામે તેમને મળનાર દરેક વ્યકિતને તેમનામાં એક આત્મિય આપ્તજનના દર્શન થતા હતા . સોમનાથ મંદિરમાં આજીવન ટ્રસ્ટી પદે રહેલા સ્વ.કેશુભાઈ પટેલને શ્રધ્ધાસુમન અર્પણ કરવા કચ્છ જિલ્લા ભારતીય જનતા પાર્ટી પરિવાર તરફથી આજરોજ સાંજે એક શોકાંજલી સભા રાખવામાં આવી હતી . આ સભામાં ઉપસ્થિત સૌએ સ્વ.કેશુભાઈ સાથેના પોત પોતાના સંસ્મરણો વાગોળ્યા હતા અને સૌના મુખે ગુજરાતે પાયાના પથ્થર જેવો અડગ અને અટલ લોકસેવક ગુમાવ્યાની ચર્ચા હતી . શિક્ષણમંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ તેમને અંજલી આપતા જણાવ્યું હતું કે સ્વ.કેશુભાઈ પટેલને ક્ષણવાર માટે મળનાર વ્યકિત પણ એમને જીવનભર ભૂલી શકતી નથી એવી વિરલ પ્રતિભાના તેઓ સ્વામી હતા . મારા રાજકીય જીવન દરમ્યાન મને તેમની સાથે લાંબા સમય સુધી કામ કરવાનું સદભાગ્ય પ્રાપ્ત થયું હતું અને તેમના તરફથી સદાય એક વડીલની પેઠે માર્ગદર્શન મળતું રહેતું હતું . કચ્છ જિલ્લા ભાજપ અધ્યક્ષ કેશુભાઈ પટેલે તેમને શ્રધ્ધાંજલી આપતા જણાવ્યું હતું કે , એક ખમતીધર પાટીદાર પુત્ર અને અદના લોકસેવક એવા સ્વ.કેશુભાઈ પટેલના જીવન ચરિત્રનું વર્ણન કરવા માટે શબ્દોના સીમાડાઓ ટુંકા પડે એમ છે . જનસંઘ અને ભારતીય જનતા પક્ષની મુળભૂત વિચારધારાને જીવન પર્યંત વળગી રહેલા સ્વ.કેશુબાપા જેવા રાજપુરૂષની વિદાયથી ખાલી પડેલું સ્થાન અને ખોટ કયારેય પુરી શકાય એમ નથી . આ ઉપરાંત પ્રભારી મંત્રી શ્રી દિલીપભાઈ ઠાકોર , ઝોન મહામંત્રી શ્રી કે.સી. પટેલ , સાંસદ વિનોદભાઈ ચાવડા , કચ્છી લેવા પટેલ હોસ્પિટલના સંચાલક શ્રી અરજણભાઈ પીંડોરીયા , કચ્છ કિસાન સંઘના માજી અધ્યક્ષ અને કિસાન આગેવાન વેલજીભાઈ ભુડીયા , રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના વિભાગ સંઘ ચાલક શ્રી નવીનભાઈ વ્યાસ સહિતના આગેવાનોએ સ્વ.કેશુભાઈ પટેલને શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી અને તેમના જીવન કવન પર પ્રકાશ પાડતો સંક્ષિપ્ત વકતવ્ય આપ્યું હતું . આ શોકાંજલી સભામાં ગુજરાત પ્રદેશ ભાજપ મંત્રી શ્રી પ્રદિપસિંહ વાઘેલા , જિલ્લા ભાજપ મહામંત્રી અનિરૂધ્ધભાઈ દવે , વલ્લમજીભાઈ હુંબલ , પૂર્વ ધારાસભ્ય રમેશભાઈ મહેશ્વરી સહિત પક્ષના વિવિધ હોદેદારો , કિસાન અગ્રણીઓ , પાટીદાર સમાજના વિવિધ આગેવાનો , વિવિધ સમાજો તેમજ સંસ્થાઓના આગેવાનો , શ્રેષ્ઠીઓ તેમજ પક્ષના કાર્યકર્તાઓએ તેમને શ્રધ્ધાંજલી અર્પણ કરી હોવાનું જિલ્લા ભાજપ મીડીયા ઈન્ચાર્જ ઘનશ્યામ રસિકલાલ ઠકકરની યાદીમાં જણાવાયું હતું .

